# Adhyay-4

## દેવાશ્ચતુર્નિકાયાઃ ૪-૧

## દેવાઃ ચતુઃ નિકાયાઃ ૪-૧

**શબ્દાર્થ :** દેવ = દેવગતિ નામ કર્મનો ઉદય છે તે, ચતુઃ = ચાર, નિકાય = જાતિ,

**સૂત્રાર્થ :** દેવો ચાર નિકાયના (પ્રકારના) છે.



અનંત સિધ્ધ ભગવંતો
સિધ્ધશિલા
પાંચ અનુત્તર દેવો
નવ ગ્રૈવેયક દેવો
૧૨ (બાર) વૈમાનિક દેવો
નવ (૯) લોકાંતિક દેવો
૩ કિલ્બિષિક દેવો
મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતા જ્યોતિષ્ક દેવો
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા
સમભૂતલા પૃથ્વી
૧૦ યોજન ખાલી
૮૦ યોજનમાં વાણ વ્યંતર દેવો
૧૦ યોજન ખાલી
૮૦૦ યોજનમાં વ્યંતર દેવો
૧૦૦ યોજન અધોલોક માં
બે પ્રતર વચ્ચેના આંતરામાં ભવનપતિ દેવો
નારકી
૯૦૦ યોજન મધ્યલોક
મેરુ પર્વત ૧૦૦ યોજન અધોલોકમાં
૧૦૦૦ યોજન
૧,૭૮૦૦૦ યોજનમાં ભવનપતિ દેવો અને નારકી
૧૦૦૦ યોજન
૧,૮૦,૦૦૦ યોજન રત્નપ્રભા પૃથ્વી

## —: રત્નપ્રભા પૃથ્વી :—



૧૦ યોજન
૮૦ યોજન
૧૦ યોજન
૮૦૦ યોજન
૧૦૦ યોજન
૧૦ યોજન
વાણ વ્યંતર દેવો ૮૦ યોજનમાં
૧૦ યોજન
વ્યંતર દેવો ૮૦૦ યોજનમાં
૧૦૦ યોજન
૧૦૦૦ યોજન
૧,૭૮,૦૦૦ યોજન.
૧,૭૮,૦૦૦ યોજનમાં ભવનપતિ
એકસાથે ૧૮૦ હજાર યોજન
૧,૮૦,૦૦૦ યોજન
૧૦૦૦ યોજન
૧૦૦૦ યોજન
૧૦૦૦ યોજન
વાણવ્યંતર દેવો
વ્યંતર દેવો
ભવનપતિ દેવો
{પહેલી નારકીના ૧૩ પ્રતરો}



૧,૮૦,૦૦૦
૧૦૦૦ યોજન
ભવન પતિ દેવોના નિવાસો
૧,૭૮,૦૦૦ યોજન
૧૦૦૦ યોજન
૧૦૦૦
૧૦૦ યોજન
વાંતરદેવોના નિવાસો
૮૦૦ યોજન
૧૦૦ યોજન
૧૦૦
૧૦ યોજન
વાણ વ્યંતર દેવોના નિવાસો
૮૦ યોજન
૧૦ યોજન

## **તૃતીયઃ પીતલેશ્યઃ ૪-૨**

**શબ્દાર્થ :** તૃતીયઃ - ત્રીજા પ્રકારના (જ્યોતિષ્ક) દેવો.

પીતલેશ્યઃ - પીત વર્ણરૂપ લેશ્યા (તેજોલેશ્યા) વાળા છે.

**સૂત્રાર્થ :** ત્રીજા પ્રકારના (દેવો) પીતલેશ્યાવાળા હોય છે.

**દશ - અષ્ટ - પંચ - દ્વાદશ વિકલ્પાઃ કલ્પોપપન્ન પર્યન્તાઃ     ૪-૩**

**શબ્દાર્થ :** દશ-અષ્ટ-પંચ-દ્વાદશ = દશ, આઠ, પાંચ, બાર

વિકલ્પ = ભેદ, પર્યન્ત = સુધીના, કલ્પોપપન્ન = મર્યાદાવાળા સ્થાનમાં

**સૂત્રાર્થ :** કલ્પોપપન્ન સુધીના દેવોના (ચાર પ્રકારના દેવોના) દશ, આઠ, પાંચ (અને) બાર ભેદો છે.

**ઈન્દ્ર - સામાનિક - ત્રાયસ્ત્રિંશ - પારિષાદ્ય - આત્મરક્ષક - લોકપાલ - અનીક - પ્રકીર્ણક - આભિયોગ્ય - કિલ્બિષિકાઃ ચ એકશઃ** **૪-૪**

**શબ્દાર્થ :** ઈન્દ્ર = ઈન્દ્ર (અધિપતિ), સામાનિક = ઈન્દ્ર જેવી ઋધિવાળા, ત્રાયસ્ત્રિંશ = ગુરુસ્થાનીય (મંત્રી જેવા), પારિષદ્ય = ઈન્દ્રની સભાના સભ્યો, આત્મરક્ષક = અંગરક્ષક, લોકપાલ = કોટવાળ જેવા, અનીક=સેનાપતિ, પ્રકીર્ણક = પ્રજા, નગરજન, આભિયોગ્ય=નોકર જેવા, કિલ્બિષિક=હલકા દેવો, એકશઃ=એક એક ભેદ.

**સૂત્રાર્થ :** (ભવનપતિ આદી ચારનિકાયોમાં દશ, આઠ વગેરે અવાંતર ભેદોના) પ્રત્યેકના ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષદ્ય, આત્મરક્ષક, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય, કિલ્બિષિક (એ દશ ભેદો છે.)

## ત્રાયસ્ત્રિંશ-લોકપાલ-વર્જ્યાઃ વ્યન્તર જ્યોતિષ્કાઃ ૪-૫

**શબ્દાર્થ :** વર્જ્યા = છોડીને.

**સૂત્રાર્થ :** વ્યંતર અને જ્યોતિષ્ક નિકાય ત્રાયસ્ત્રિંશ અને લોકપાલથી રહિત હોય છે.

## પૂર્વયોઃ દ્વિઃ ઈન્દ્રાઃ ૪-૬

**શબ્દાર્થ :** પૂર્વયોઃ = પૂર્વના બે (પહેલી બે નિકાયના દેવો), દ્વિઃ = બે - બે

**સૂત્રાર્થ :** પહેલા બેમાં (ભવનપતિ અને વ્યંતર નિકાયમાં) બે - બે ઈન્દ્રો છે.

| ૧૪ રાજલોક | દેવલોક | ઈંદ્રો | કુલ ઈંદ્રો |
|---|---|---|---|
| અધોલોક | ભવનપતિ | ૧૦ X ૨ = ૨૦ | ૨૦ |
| મધ્યલોક | વ્યંતર<br>વાણવ્યંતર<br>સૂર્ય (જ્યોતિષ્ક)<br>ચંદ્ર (જ્યોતિષ્ક) | ૮ X ૨ = ૧૬<br>૮ X ૨ = ૧૬<br>= ૧<br>= ૧ | ૩૪ |
| ઊર્ધ્વલોક | ૧ થી ૮ દેવલોક<br>૯ - ૧૦ દેવલોક<br>૧૧-૧૨ દેવલોક | ૮ X ૧ = ૮<br>= ૧<br>= ૧ | ૧૦ |

કુલ...૬૪

**પીતાન્તલેશ્યાઃ ૪-૭**

**પીત અન્ત લેશ્યાઃ ૪-૭**

**શબ્દાર્થ :** પીત = તૈજસ, અન્ત = અંતમાં છે, લેશ્યા = શારીરિક વર્ણ.

## કાય પ્રવીચારા આ ઐશાનાત્ ૪-૮

**શબ્દાર્થ :** કાય = શરીર, પ્રવીચાર = મૈથુન સેવન, આ = હદ/મર્યાદા ઐશાનાત્ = ઈશાન દેવલોક સુધી.

**સૂત્રાર્થ :** ઈશાન (દેવલોક) સુધીના (દેવો) કાયાથી મૈથુનસેવન (સંસાર સુખ) સેવનારા છે.

## શેષાઃ સ્પર્શ-રૂપ-શબ્દ-મનઃ પ્રવીચારા દ્વયોઃ દ્વયોઃ ૪-૯

**શબ્દાર્થ :** શેષાઃ = બાકીના, સ્પર્શ = સ્પર્શનેન્દ્રિય, રૂપ = ચક્ષુરિન્દ્રિય, શબ્દ = શ્રોત્રેન્દ્રિય, મન = મન દ્વારા, પ્રવીચારા = મૈથુનસેવન, દ્વયોઃ દ્વયોઃ = બે-બે ની જોડમાં.

**સૂત્રાર્થ :** બાકીના બે બે (ઈશાનથી ઉપરના દેવલોકમાં) અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ (અને) મનથી, મૈથુન સેવન કરે છે.

**પરેઽપ્રવીચારાઃ ૪-૧૦**

**પરે અપ્રવીચારાઃ ૪-૧૦**

**શબ્દાર્થ :** પરે = બાકીના (બાર દેવલોકની ઉપરના દેવો)

અપ્રવીચારા = મૈથુન સેવન રહિત

**સૂત્રાર્થ :** બાકીના દેવોમાં (કલ્પાતીત દેવોમાં) મૈથુન સેવનનો અભાવ છે.